# GMC MEDIA AWARDS 2017-2018

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા જાન્યુઆરી 1, 2017 થી ડિસેમ્બર 31, 2017ના ગાળા માટે પત્રકારત્વના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રતિષ્ઠિત વાર્ષિક જીએમસી-ઓએનજીસી પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે.

પુરસ્કારો નીચે જણાવ્યા પ્રમાણેની વિવિધ શ્રેણીમાં એનાયત કરવામા આવશેઃ

--- વર્ષનો શ્રેષ્ઠ ન્યૂઝ રિપોર્ટ – પ્રાદેશિક ભાષામાં

--- વર્ષનો શ્રેષ્ઠ ન્યૂઝ રિપોર્ટ – અંગ્રેજી

--- વર્ષની શ્રેષ્ઠ ઑનલાઈ સ્ટોરી (ગુજરાતી / હિન્દી / અંગ્રેજી)

--- વર્ષનો શ્રેષ્ઠ ટેલિવિઝન ન્યૂઝ રિપોર્ટ ગુજરાતી / હિન્દી / અંગ્રેજી

--- વર્ષનો શ્રેષ્ઠ ન્યૂઝ ફોટોગ્રાફ

--- પત્રકારત્વમાં લાઈફ ટાઈમ કન્ટ્રીબ્યુશન

પ્રથમ પાંચ શ્રેણીના પુરસ્કારમાં રૂ. 25,000 ને સમકક્ષ ઈનામ આપવામાં આવશે (જેમાં જીએમસીના સભ્ય ન હોય તેમની આજીવન સભ્ય ફી નો સમાવેશ થાય છે) જ્યારે લાઈફટાઈમ અવોર્ડમાં રૂ. 50,000 તથા પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. આ પુરસ્કારો ઓએનજીસીના સહયોગથી એનાયત થશે.

ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષાના પત્રકારો આ પુરસ્કારો માટે નોમિનેશન કરી શકે છે. તેઓ જીએમસી ના સભ્ય હોય એ જરૂરી નથી, પરંતુ તેમણે સ્ટોરી ફાઈલ કરી હોય તે સમયે તેઓ ગુજરાતમાં હોવા જોઈએ. તમામ સ્ટોરી તથા ફોટોગ્રાફ જાન્યુઆરી 1, 2017 થી ડિસેમ્બર 31, 2017 વચ્ચે પ્રકાશિત / પ્રસારિત થયેલા હોવો જોઈએ. તમામ સબમિશન ગુજરાતને લગતા જ હોવા જરૂરી છે અને તેમાં બાયલાઈન હોય એ આવશ્યક છે. જો બાયલાઈન ન હોય તો એ સબમિશનને

વ્યાપક સર્ક્યુલેશન ધરાવતા દૈનિકના તંત્રી તરફથી પ્રમાણિત કરેલું હોવું જોઈએ. પ્રકાશન (અખબાર – સામયિક) ની નોંધણી આર.એન.આઈ. માં થયેલી હોવી જોઈએ ઓછામાં ઓછી 10,000 નકલનું સર્ક્યુલેશન હોવું જોઈએ.

લાઈફ ટાઈમ કન્ટ્રીબ્યુશન પત્રકારત્વ અવોર્ડ માટે નોમિનીએ પત્રકારત્વમાં ઓછામાં ઓછા 30 વર્ષ કામગીરી કરી હોવી જોઈએ. લાઈફટાઈમ અચિવમૅન્ટ અવોર્ડ માટેનાં નોમિનેશનની સાથે જે તે પત્રકાર વિશેની માહિતી અને વિગત, પ્રોફાઈલ, કામગીરી તેમજ પત્રકારત્વની કામગીરી દરમિયાન આ ક્ષેત્રને આગળ વધારવામાં કરેલી વિશિષ્ઠ કામગીરીની વિગતો ભલામણ કરનાર દ્વારા પણ આપવી જરૂરી છે.

બ્રોડકાસ્ટ માટેનાં સબમિશનમાં 90 થી 180 સેકન્ડ સુધીનું સીધું રિપોર્ટિંગ અથવા ડોક્યુમેન્ટ્રી હોવી જોઈએ, તથા પ્રિન્ટ લેખો ઓછામાં ઓછા 500 શબ્દના હોવા જોઈએ. બ્રોડકાસ્ટ માટેની એન્ટ્રી સીડી/ડીવીડી ઉપર સ્ટાન્ડર્ડ ફોર્મેટ (એમપીઈજી, પીડીએફ) માં મોકલવી આવશ્યક છે. પ્રિન્ટ સબમિશન તથા ફોટોગ્રાફ ઓરિજિનલ મોકલવા આવશ્યક છે. મહેરબાની કરીને પબ્લિશ થયેલા રિપોર્ટનું પેપર કટિંગ સબમિટ ન કરશો, તેના બદલે જેમાં રિપોર્ટ પ્રકાશિત થયો હોય તે આખું પેપર સબમિટ કરવું.

પસંદગીની પ્રક્રિયાઃ એક પત્રકાર/લેખક દ્વારા વધુમાં વધુ બે એન્ટ્રી મોકલી શકાશે. કોઈપણ અખબાર, સામયિક, વાયર સર્વિસ, સિન્ડિકેટ અથવા સમાચાર સંસ્થા પ્રત્યેક કૅટેગરીમાં બે થી વધુ એન્ટ્રી મોકલી શકશે નહીં.

સબમિટ થયેલા લેખો અને રિપોર્ટનું અગ્રણી પત્રકારો તેમજ નામાંકિત વ્યક્તિઓ દ્વારા આકલન (સમીક્ષા) કરવામાં આવશે.

પસંદગી સમિતિ પ્રત્યેક સબમિશનને જે તે કૅટેગરી આવેલી તમામ એન્ટ્રીની સમીક્ષાને આધારે પસંદ કરશે. તેમાં મુખ્યત્વે આટલી બાબતોનું ધ્યાન રાખવામાં આવશે –

ઓરિજિનાલિટીઃ લેખ / રિપોર્ટ અન્ય કોઈ લેખ કે સ્ટોરીના પ્રત્યાઘાત રૂપે નહીં પરંતુ પ્રોએક્ટિવ અર્થાત નવા વિષય ઉપર હોવો જોઈએ.

ક્રિયેટિવિટીઃ લેખ / રિપોર્ટમાં જે માહિતી આપવામાં આવી હોય તે કંઈક વિશેષ અને અલગ હોવી જોઈએ અને તેનો ઍંગલ વિશિષ્ઠ હોવો જોઈએ.

સ્ટોરીનું સબસ્ટન્સઃ લેખ / રિપોર્ટમાં જે માહિતી કે વિગત હોય તેમાં ઊંડાણ અને ગુણવત્તા હોવી જોઈએ. તેમાં સંશોધન તેમજ સમીક્ષાનું તત્વ હોવું જોઈએ.

માહિતીનું અર્થઘટનઃ લેખ કે રિપોર્ટમાં જે તે પત્રકારે તદન સામાન્ય વાચક સમજી શકે તેવી ભાષાનો ઉપયોગ કર્યો હોય, પરંતુ સાથે સાથે પત્રકારત્વનું સત્વ અને મર્યાદા જળવાયેલી હોવી જોઈએ. ટૂંકમાં વાચકોને કે દર્શકોને એ વિષયમાં રસ પડે તે રીતે માહિતી મળી હોવી જોઈએ.

લેખન અને રજૂઆતની ગુણવત્તાઃ વ્યાકરણનો યોગ્ય ઉપયોગ, સુંદર લે-આઉટ તેમજ સારી રીતે વાંચી-સમજી શકાય એવો રિપોર્ટ – સ્ટોરી હોવા જોઈએ.

મૅસેજની સ્પષ્ટતાઃ લેખ કે રિપોર્ટનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ (અર્થાત તેને કારણે લોકોમાં જાગૃતિ વધતી હોય, લોકોના વર્તનમાં પરિવર્તન આવતું હોય, અથવા લોકો એવી કામગીરી કરવા માટે પ્રેરણા મેળવી શકતા હોય) તથા એ રિપોર્ટ કે લેખ વાચક કે દર્શક માટે અગત્યનો હોવો જોઈએ.

રેલેવન્સ (યોગ્યતા): લેખ કે રિપોર્ટમાં જે માહિતી આપવામાં આવી હોય તે ઉપયોગી હોવી જોઈએ, સમયસરની હોવી જોઈએ, સચોટ હોવી જોઈએ તેમજ વ્યાપક સમાજને તેને કારણે કોઈ મુદ્દો કે પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ હોવી જોઈએ.

સબમિશન માટે કોઈ એન્ટ્રી-ફી નથી અને 18 વર્ષ પૂર્ણ કરનાર કોઈપણ વ્યક્તિ સબમિશન કરી શકે છે. પ્રત્યેક એન્ટ્રીની સાથે જરૂરી ફોર્મ ભરેલું હોવું જોઈએ.

જો કોઈપણ એન્ટ્રી મુદ્દે કાનૂની પડકાર ઊભો થશે તો જીએમસી જ્યુરી જે તે અરજદાર પાસેથી વધારાની માહિતી કે ખુલાશો માગશે.

એન્ટ્રી જો કોઈ શ્રેણીના ભાગરૂપે હોય તો તમામ ભાગ સબમિટ કરવા આવશ્યક છે. ફિક્શન (કાલ્પનિક સ્ટોરી-અહેવાલ) સબમિટ કરી શકાશે નહીં.

એન્ટ્રીની સાથે અરજદારના સિનિયરની સહી સાથેનો પત્ર હોવો જરૂરી છે, સાથે એન્ટ્રી ફોર્મમાં તેની વિગત પણ ભરવી આવશ્યક છે.

અધૂરાં એન્ટ્રી ફોર્મ આપોઆપ રદ થઈ જશે તથા માન્ય સંખ્યા કરતાં વધારે એન્ટ્રી હશે તો માત્ર ક્રમ અનુસાર પ્રથમ બે એન્ટ્રી ગણતરીમાં લેવામાં આવશે, બાકીની વધારાની એન્ટ્રી ધ્યાનમાં નહીં લેવાય.

અરજદારે એન્ટ્રી ફોર્મ ઉપર સહી કરતી વખતે આ અવોર્ડમાં ભાગ લેવા માટેના નિયમો વાંચ્યા છે અને સમજી લીધા છે એવું માનવામાં આવશે.

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા નિયુક્ત જ્યુરીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે અને એ અંગે પછીથી કોઈ પત્રવ્યવહારનો જવાબ આપવામાં નહીં આવે.

ગુજરાત મીડિયા ક્લબ કોઈપણ સમયે અને પૂર્વ સૂચના વિના આ અવોર્ડ સ્થગિત કરવાનો, રદ કરી દેવાનો તેમજ નિયમોમાં ફેરફાર કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

વિજેતાઓ ગુજરાત મીડિયા ક્લબ દ્વારા નિર્ધારિત અવોર્ડ સમારંભના સમયે અને સ્થળે ઉપસ્થિત રહીને તેમનો અવોર્ડ લેવામાં નિષ્ફળ જશે તો ત્યારપછી એ અંગે કોઈ દાવા સ્વીકારવામાં નહીં આવે.

નોમિનેશન નીચે જણવેલા સરનામે 10 જૂન, 2018 સુધીમાં પહોંચી જવા જોઈએ :

સેક્રેટરી જનરલ
ગુજરાત મીડિયા ક્લબ
બી – 503, પાંચમો માળ
ક્રિષ્ના કૉમ્પલેક્ક્ષ
દેવ આશિષ બિઝનેસ પાર્કની સામે
બોડકદેવ
અમદાવાદ – 380015.
મોબાઈલ નં. 9998199982
ફોન. – 079 – 26871981

જીએમસી ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો કે તેમના પરિવારના સભ્યો, જીવનસાથી, પુત્ર-પુત્રી આ અવોર્ડ માટે અરજી કરી શકશે નહીં.

અમદાવાદમાં યોજનારા જીએમસી વાર્ષિક સમારંભ દરમિયાન વિજેતાઓનું સન્માન કરવામાં આવશે. તારીખ અને સ્થળની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

તો મોડું થાય એ પહેલાં તમારી એન્ટ્રી મોકલી આપો. તમે આ ઈમેલ તમારા મિત્રોને તથા અન્ય સર્કલમાં ફોરવર્ડ કરી શકો છો.

શુભેચ્છા
ભુપેન્દ્ર સિંહ ઠાકુર, સેક્રેટરી જનરલ.